# ‘ઘ’ માર્ગ પરથી પશુઓના હાડકા ભરેલો ટેમ્પો પકડાયો

**બાતમીના આધારે વોચમાં ગોઠવાયેલા સ્થાનિક નાગરીકે પોલીસને જાણ કરી : ટેમ્પો ચાલક સહિત બે ની ધરપકડ**

ગાંધીનગર, તા. ૪

શહેરમાં ‘ઘ’ માર્ગ પરથી આજે બપોરે પસાર થતા પશુઓના હાડકા ભરેલા મીની ટેમ્પોને સે. ૭ પોલીસે ઝડપી લીધો હતો. સવાટન જેટલો





હાડકા ભરેલા આ ટેમ્પો સાથે પોલીસે બે શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે તપાસ માટે એફ.એસ.એલ.ની મદદ લીધી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સે. ૮-બી ખાતે બ્લોક નં. ૫૬૪માં રહેતા રાજેશભાઈ જયંતિભાઈ પટેલને આજે વીસનગરમાં રહેતા વી.એચ.પી. કાર્યકર વિનુભાઈ પટેલ ઉર્ફે કાકાએ ફોન મારફતે બાતમી આપી હતી. જેમાં જણાવ્યા અનુસાર છોટા હાથી ટેમ્પો નં. જીજે-૧-સી.બી.-૪૬૫૭માં ગાય સહિતના પશુઓના હાડકા ભરેલા છે. વીસનગરથી અમદાવાદ તરફ જતો આ ટેમ્પો ગાંધીનગરમાં ઘ-માર્ગ પરથી પસાર થતા વોચમાં ઉભેલા રાજેશભાઈએ તેને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ચાલકે ટેમ્પો ઉભો ન રાખતા આ અંગે તેમણે સે. ૭ પોલીસને જાણ કરી હતી. પોલીસ આગળ જતા આ ટેમ્પોને અટકાવવા સ્થળ પર પહોંચી હતી. જ્યાંથી પશુઓના હાડકા ભરેલો આ ટેમ્પો પોલીસે કબજે લીધો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર ટેમ્પોમાં ૧૨૯૦ કીલો હાડકા હોવાનું માલુમ પડ્યું છે. પોલીસે ટેમ્પોના ચાલક શાહજી સુલેખાન (રહે. બહેરામપુરા કેલીકો મીલ ટેકરા જી.આઈ.ડી.સી. અમદાવાદ) તેમજ ભરત નાથાભાઈ પરમાર નામના શખ્સની ધરપકડ કરી છે. સે. ૭ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એ.કે. ટેલરે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે ટેમ્પોમાં ભરેલા પશુઓના હાડકા અંગે યોગ્ય હકીકત જાણવા એફ.એસ.એલ.ની મદદ લીધી છે. ઘટનાની જાણ થતા ગૌરક્ષક અમૃતભાઈ ઠક્કર પણ પોલીસ સ્ટેશન પહોંચી ગયા હતા.

# સેકટર-૧૪માં જય અંબે મંદિરનો પાંચમો પાટોત્સવ ૬ મે ના રોજ યોજાશે

ગાંધીનગર, તા. ૪

સેકટર-૧૪માં શ્રી જય અંબે મંદિરનો પાંચમો પાટોત્સવ ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૬ મે ના રોજ પાંચમા પાટોત્સવ નિમિતે ધજા આરોહણ, મહાયજ્ઞ, આરતી , નવ દુર્ગા માતાજીનો ફુલોનો ગરબા સાથે રાસનું પણ આયોજન કરેલ છે.

સવારે ૮.૦૦ કલાકે શ્રી જોગણી માતાનો યજ્ઞ, ધજા આરોહણ, મહાયજ્ઞનો પ્રારંભ થશે. મહાયજ્ઞના યજમાન પદે શ્રી નરેન્દ્રકુમાર બળવંતરાય તરૈયા, ધજા આરોહરણ યજમાન શ્રી કરશનભાઈ પટેલ, મહાપ્રસાદના યજમાન કુલવિન્દિરસિંહ, મહેન્દ્રસિંહ ગીલ, કુલ્લુભાઈ વગેરે ગોઠવેલ છે. આ પ્રસંગે આશીર્વચન પૂજ્ય શ્રી જયમાડી બાપુ કૈયલધામ, શ્રી મુકેશભાઈ પટેલ, પ્રમુખશ્રી ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ તથા અન્ય મહાનુભાવોનું સન્માન કાર્યક્રમ યોજેલ છે.

# ગાંધીનગર કોર્પોરેશનના શાસકોમાં શહેરી વિકાસ મંત્રીના અપમાનજનક શબ્દોથી આક્રોશ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેર વિકાસ સત્તા મંડળના વિકાસના કામોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત યોજાયું હતું. જેમાં શહેરી વિકાસ મંત્રી નીતિનભાઈ પટેલે ‘ભીખારી જેવા’ તેઓને ન શોભે તેવા શબ્દો ઉચ્ચારતા ગાંધીનગરના રહીશોએ આક્રોશ વ્યક્ત કર્યો છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની ગયા વર્ષે યોજાયેલી ચૂંટણીમાં ગાંધીનગરના નગરજનોએ કોંગ્રેસ પક્ષને બહુમતીથી નગરપાલિકાની સત્તા સોંપી હતી. જેને એક વર્ષ થવા આવ્યું છતાંય સરકારની સહાય વગર ચાલતી કોર્પોરેશનને નગરજનોના સુખાકારી અને વિકાસના કામોમાં મદદરૂપ થવાને બદલે મંત્રીને ન શોભે તેવા ઉચ્ચારણો કરી ચૂંટાયેલા પ્રતિનિધિઓને હલકા પાડવાનો પ્રયત્ન કર્યો છે. ગુજરાતના શહેરી વિકાસ મંત્રી ગાંધીનગર શહેરના નગરજનોના પ્રતિનિધિઓ માટે ઉચ્ચારેલા અપમાનજનક શબ્દોની જાહેરમાં માફી માંગે તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે. રાજકીય હુસાતુંસી સિવાય પક્ષાપક્ષીથી પર રહી વિકાસાત્મક કામગીરી થાય તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.



ગાંધીનગર ખાતે આયોજિત સમર્પણ મહાધ્યાન શિબિર પ્રસંગે શહેરમાં શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. નગરના માર્ગો પર ફરેલી આ વિશાળ શોભાયાત્રાએ નગરજનોનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. (તસવીર : દીપક જાની)

# લાઈટ ડૂલ થતા ઘરની બહાર નીકળેલા પડોશીઓએ ચોરને ઝડપી લીધો!

**સે. ૨૨ ‘છ’ ટાઈપ વિસ્તારમાં ભરબપોરે મકાનમાં ઘૂસી તિજોરીનું તાળું તોડતો એક ઝડપાયો**

ગાંધીનગર, તા. ૪

સે. ૨૨માં ‘છ’ ટાઈપ વિસ્તારના એક મકાનમાં ઘુસેલા ચોરને આસપાસના રહીશોએ ઝડપી પોલીસના હવાલે કર્યોહતો. ભરબપોરે મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશેલા ચોર ઈસમે તિજોરીનું તાળુ તોડવાની કોશિષ કરતા તેને પડોશીઓએ જ ઝડપી લીધો હતો.

બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર સે. ૨૨માં છ-ટાઈપ વિસ્તારમાં સ્થિત બ્લોક નં. ૧૧૩/૬માં રહેતા રમેશભાઈ રામજીભાઈ ભાભોરના બંધ મકાનનું તાળુ તોડી આજે બપોરે ૧.૩૦ વાગ્યાના અરસામાં ચોર ઈસમ ઘરમાં પ્રવેશ્યો હતો. જ્યારે ઘરમાં ઘુસી વિષ્ણુ બાબુભાઈ સોલંકી (રહે. અમદાવાદ) નામના આ વ્યક્તિએ તિજોરીનું તાળુ તોડવાની કોશિષ કરી હતી. આ દરમિયાન છ-ટાઈપ વિસ્તારમાં લાઈટો ડુલ થતા ગરમીથી અકળાયેલા આસપાસના રહીશો ઘરની બહાર નીકળ્યા હતા. આ જ ટાણે મકાનમાં ચોર ઘુસ્યો હોવાની હકીકતનો ખ્યાલ આવ્યો હતો. સ્થાનિક રહીશોએ ભેગા મળી નાસવા જતા ચોર ઈસમને પકડી સે. ૨૧ પોલીસના હવાલે કર્યો હતો. પી.એસ.આઈ. વી.એફ. ઝાલાએ આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સેકટર-૨ અને ૨૭માં ગેરકાયદેસર હોસ્ટેલો સામે વસાહતીઓનો રોષ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શિક્ષણનું કાશી બનવા જઈ રહ્યું છે ત્યારે તેની બીજી બાજુ પણ તેની પાછળની બાજુના પરિબળોથી ગાંધીનગરની જનતા ત્રાસી ગયેલ છે અને દુઃખની લાગણીથી પીડાઈ રહેલ છે.

ગાંધીનગરમાં શિક્ષણની હરણફાળની સાથે ધંધાકીય છાત્રાલયો ચાલી રહ્યા છે. મકાનો ભાડે આપવાની પ્રથા વધતી જાય છે. આમાં રહેતાં છાત્રો બાપ કમાઈ ઉપર તોફાનો, અસભ્ય વર્તનો, નશાયુક્ત પદાર્થનું સેવન કરીને વસાહતીઓને પરેશાન કરી મુકે છે.

સેકટર-૨ અને ૨૭માં આ તત્ત્વોએ માઝા મુકી છે. સેકટર-૨૭માં હાઉસિંગ બૉર્ડના મકાનો ગેરકાયદેસર હોસ્ટેલો વર્ષોવર્ષ વધતી જાય છે. ગેરકાયદેસર હોસ્ટેલનાં કારણે દૈનિક પાણીનો વપરાશ કરતાં અનેક ઘણો પાણી ખેંચી લે છે. એક મકાનમાં ૧૫ થી ૨૦ હજાર લીટર પાણી ખેંચતા હોય છે. જેથી અન્ય પરિવારોને પાણી મળતું નથી.

વિદ્યાર્થીઓ ખાદ્ય કચરો - એઠવાડ ગમે ત્યાં નાંખીને ગંદકી વધારે છે. હોસ્ટેલના બાળકો સાંજે કૉમન પ્લોટમાં માટીમાં રમીને વાતાવરણ પ્રદૂષિત કરે છે, રમતો રમીને મકાનોને/ગાડીઓને નુકસાન પહોંચાડે છે.

જાહેર બગીચામાં મોટા બાળકો રમતા હોવાથી નાના ભૂલકાઓને હીંચકા - લપસણી મેળવવાની તક મળતી નથી. બાળકો - સંચાલકો - અપશબ્દો - મારામારી ધમકીઓ આપતા હોય છે.

હોસ્ટેલમાં કચરો ગટરમાંથી જયાતી ગટરો ઉભરાય છે. જેથી ગંદકીની વાસ બદબુ ફેલાય છે. સેકટરની કૉમન દિવાસ તોડીને વનખાતાની જગ્યાએ બેરોકટોક ઉપયોગ થાય છે.

મોટી ઉંમરની છોકરા-છોકરીઓ મોડી રાત સુધી ટહેલતાં હોવાથી અસામાજિક તત્વોને વેગ મળે છે.

આવા તત્ત્વો સામે લાલ આંક કરવાનો સમય પાકી ગયો છે. પ્રથમ તો સોસાયટીઓએ હોસ્ટેલ માટે મકાન ભાડે આપતાં પહેલાં સોસાયટીનાં મંડળની મંજુરી લેવી જરૂરી છે. પોલીસ ખાતા તરફથી વારંવાર મંજુરી મેળવવા માટે જાહેરાતો થાય છે, તો પોલીસે આવા ભાડેના મકાનો પર તવાઈ લાવવાની જરૂર છે. તદ્ઉપરાંત ગુજરાત હાઉસિંગ બોર્ડે પણ રહેણાંક સિવાયના મકાનોનો ઉપયોગ સામે જરૂરી કાર્યવાહી કરવાની જરૂર છે.

પરંતુ આ સરકારી ખાતા અને મકાન માલિકોની સાંઠગાંઠના કારણે ગેરકાયદેસર હોસ્ટેલો વધી છે. જેનો અટકાવવા માટે સોસાયટીનાં જાગૃત નાગરિકોએ જ ગાંધીગીરી કરવી જ રહે.





સૅક્ટર-૫ એ ખાતે સ્થિત પંચમુખી હનુમાન મંદિરનો પાટોત્સવ શુક્રવારે ભક્તિભાવ સાતે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્થાનિક ન્ભાવિકો દ્વારા નવચંડી યજ્ઞનું આયોજન પણ કરવામાં આવ્યું હતું તથા વિશાળ ધજા મંદિરને અર્પણ કરવામાં આવી હતી. (તસવીર : દીપક જાની)

# ૧૦ ટકા સફાઈ કામદારોમાં ડાયાબીટીસની બિમારી જોવા મળી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગર-પાલિકાના સફાઈ કામદારો પૈકીના ૧૦ ટકા કામદારો ડાયાબીટીસની બિમારીથી પીડાઈ રહ્યા છે અને તેમને આ બિમારી હોવાની ખબર સુદ્ધા નહિ હોવાનું તપાસમાં કબૂલ્યું હતું.

મહાનગરપાલિકા દ્વારા આજે યોજવામાં આવેલા મેડીકલ ચેક-અપ દરમ્યાન આ ચોંકાવનારી હકીકતો બહાર આવવા પામી હતી.

ગાંધીનગર મહાનગ-રપાલિકાના તમામ કર્મચારીશ્રીઓ/અધિકારીશ્રીઓ, ફુલટાઈમ સફાઈ કામદારો, પાર્ટ ટાઈમ કામદારો, આઉટ સોર્સીગ કામદારો તથા મેલેરીયા વર્કર વગેરેના આરોગ્યની તપાસ માટેનો હેલ્થ ચેકઅપ કેમ્પ રાખવામાં આવેલ તેમાં કુલ ૩૦૨ લાભાર્થીઓએ લાભ લીધો.

આ કેમ્પમાં ડૉ. ચિરાયુ વૈદ્ય દ્વારા ઓપીડી શરૂ કરવામાં આવી જેમાં તમામ ૩૦૨ લાભાર્થીનું જનરલ તપાસ તથા સારવાર કરવામાં આવી. આ ઉપરાંત સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા ૧૭૮ બહેનોની તપાસ કરવામાં આવી. આંખના નિષ્ણાંત દ્વારા ૨૧૨ લાભાર્થીની તપાસ કરવામાં આવી. ૧૦૯ દર્દીઓની ડાયાબીટીસની તપાસ કરવામાં આવી જે પૈકી ૧૧ દર્દીઓને ડાયાબીટીસ હોવાથી તેમને સારવાર આપી. ડૉ. ભાવનાબેન પટેલ જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીના ડોકટરોએ ૭૮ લાભાર્થીઓની આયુર્વેદ/હોમીયોપેથીક તપાસ તથા સારવાર આપવામાં આવી.

એસ.સી. કમિશનના સૂચનથી તેમજ કમિશનરશ્રી સી.આર. ખરસાણ સાહેબના માર્ગદર્શન હેઠળ તેમજ સિવિલ સર્જનશ્રી ગાંધીનગરના સહયોગથી ઉપરોક્ત કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ કેમ્પમાં ટોબેકો કન્ટ્રોલ માટે ખાસ શ્રી આશીષ સોની દ્વારા વ્યાખ્યાન તથા પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં નાયબ મ્યુ. કમિશનર, બ્લોક હેલ્થ ઓફીસરશ્રી, જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી, જિલ્લા મેલેરીયા અધિકારીશ્રી તથા મહાનગરપાલિકાના તમામ અધિકારી/કર્મચારીઓ ઉપસ્થિત રહી કેમ્પની કામગીરીમાં યોગદાન આપેલ.

ઉપરોક્ત સમગ્ર કાર્યક્રમ ઈનચાર્જ મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ શ્રી ડૉ. આર.વી. પંડ્યા અને મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના તમામ સ્ટાફ દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે.

# હસતાં હસતાં જીવન જીવવાનું શીખવતા અનોખા ગુરૂ

**સંબંધ સજાવે જિંદગી**

**બલિહારી ગુરુ આપ કી**

- સ્વાતિબા રાઓલ
gsrelation@yahoo.com



પરોઢિયે સાડાપાંચ વાગ્યે સેકટર-૨૭ અને સેકટર-૧૫ના રહીશોને બગીચામાંથી સંભળાતા એક, બે, ત્રણના અવાજો નવાઈ નથી આપતાં કારણ કે ત્યાં લગભગ દસ વર્ષથી લાફિંગ કલબના લાફિંગ ગુરૂશ્રી ભરતસિંહજી વાઘેલા વર્ષના ૩૬૪ દિવસ (બેસતું વર્ષ બાદ કરતાં ) હસતાં હસતાં જિંદગી જીવવાની કળાના નિયમિત વર્ગો ચલાવે છે. લાફિંગ કલબના આમ તો વીસથી પચીસ નિયમિત ‘વિદ્યાર્થીઓ’ છે જ પરંતુ, ભરતસિંહ એક સભ્ય હોય તો પણ એટલાં જ ઉત્સાહથી હાસ્યનું શિક્ષણ હકારાત્મકતાની થાળીમાં પીરસે છે.

એલ.આઈ.સી.ની નોકરી પછી તેઓએ આકર્ષક ઓફરો હોવાં છતાં નોકરી કરવાનું ન સ્વીકાર્યું અને સંપૂર્ણ પણે નિવૃત્તનો આનંદ માણવો તેવું નક્કી કર્યું. ૧૫ વર્ષની જ ઉંમરથી ભણવાની સાથે આર્થિક ઉપાર્જનની જદ્દોજહેતમાં જોડાવાના કારણે ગમતું ન કરી શક્યાનો રંજ નિવૃત્તિ પછી ધોઈ નાંખ્યો. ૬૦ વર્ષે રીટાયર્ડ થયાં પછી સ્વીમીંગ શીખ્યા. કોચે ઉમરના કારણે ડાઈવિંગ ન શીખવાડ્યું તો જાતે શીખ્યાં અને હવે નાની ઉંમરના છોકરાઓને ડાઈવિંગ સાથે તરવાની જુદી જુદી ટેકનિક આ ૬૯ વર્ષના જવાન ડોસા શીખવી રહ્યાં છે. તરવાનો શોખ પિતા મગનસિંહ પાસેથી વારસામાં મળ્યો. પિતાને યાદ કરતાં જ એમણે એકવાર સાબરમતીના ઘોડાપુરમાં બારીના આરેથી સપ્તર્ષિના આરા સુધી તરવાનું સાહસ કરેલું તે યાદ કરતાં ભરતસિંહ જણાવે છે કે શારીરિક સ્વાસ્થ્ય પ્રત્યેની સભાનતા અને શોખ પિતા પાસેથી વારસામાં મળ્યા છે. પિતાએ કહ્યું પહેલું સુખ તે જાતે નર્યા. ને ભરતસિંહે આ વાક્યને જીવનનું ધ્રુવ વાક્ય બનાવ્યું. આ ઉંમરે પણ દરેક પ્રકારના યોગ-પ્રાણાયામ તેઓ કરી શકે છે. લાફિંગ કલબમાં મોટાભાગે ડિપ્રેશનવાળાં આધેડ વયના પુરૂષો અને સ્ત્રીઓ આવે છે અને હસતાં હસતાં જીવનમાંથી નિરાસાને ખંખેરી નવું જોમ મેળવે છે. અસ્થમાના દર્દીને પણ ભરતસિંહની લાફટર થેરાપીએ સંપૂર્ણ રોગમુક્ત કર્યાં છે. ભરતસિંહે લાફિંગ કલબનું એક ઈન્ટરનેશનલ કન્વેન્શન અને ચાર નેશનલ કન્વેન્શનમાં ભાગ લીધેલ છે.

સદાય હસતાં હસાવતાં રહેતાં આ વડીલ સિનિયર સીટીઝન કાઉન્સિલમાં મેમ્બર છે અને સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. આ બુઝુર્ગના આત્મામાં એક નિખાલસ નટખટ બાળક હજીયે જીવે છે. તેથી જ બાળકો સાથે બાળક બની જતાં આ દાદાજીને મળવા ઝૂંપડપટ્ટીના બાળકો પણ આતુર હોય છે.

રોજનું ચાર કિ.મી. ચાલતાં આ ગુરૂ હંમેશા જીવનમાં સકારાત્મક અભિગમ કેળવવાની સલાહ આપતાં કહે છે. ‘‘જીવન તમને જે પરિસ્થિતિમાં મૂકે તેનો સહર્ષ સ્વીકાર કરો તો જીવન જીવવા જેવું લાગશે.’’ જે પરિસ્થિતિ આપણાં કાબુ બહાર છે તેને અપનાવી હકારાત્મક આનંદ મેળવવો તેઓનો જીવનમંત્ર છે. નરસિંહ મહેતાની પંક્તિ ટાંકી તેઓ સમાપન કરે છે.

‘જે ગમે જગદ્ગુરૂ દેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો.’

રવિવાર તા. ૬ મેના રોજ હાસ્ય દિવસ નિમિત્તે ધાર્મિક ન હોવા છતાં જીવનમાં શ્રદ્ધા ધરાવતાં આ હાસ્યગુરૂને મળી અનુભવનું ભાથુ વહેંચ્યા જેવું ખરૂ !

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૦૬.૦૬**

**સૂર્યાસ્ત : ૦૭.૦૮**

## તાપમાન

**મહત્તમ : ૪૦.૮ ડિ.સે.**

**લઘુત્તમ : ૨૬.૮ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૫૯ ટકા ● સાંજે ૨૭ ટકા**

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** જન્નત -૨ : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :** જન્નત : ૧૦.૦૦
તેઝ : ૧૨.૩૦, ૧૦.૧૫
ધ એવેન્જર (હિન્દી) : ૨.૪૫, ૭.૪૫
ધ એવેન્જર (અંગ્રેજી) : ૫.૧૫

**સ્ક્રીન-૩ :** હાઉસ ફૂલ ૨ : ૧૦.૩૦, ૪.૦૦
જન્નત -૨ : ૧.૩૦, ૭.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૪ :** ફેટસો : ૧૦.૦૦
હેટ સ્ટોરી : ૧૨.૩૦
વીકી ડોનર : ૩.૦૦, ૫.૧૫
હાઉસ ફૂલ ૨ : ૧૦.૦૦
તેઝ : ૧૦.૧૫

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** ધ એવેન્જર ૩-ડી(હિન્દી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :** તેઝ : ૯.૩૦, ૨.૩૦, ૧૦.૩૦
વીકી ડોનર : ૧૨.૦૦, ૮.૦૦
હાઉસ ફુલ -૨ : ૫.૦૦

**સ્ક્રીન-૩ :** જન્નત- ૨ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦

**સ્ક્રીન-૪ :** જન્નત- ૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૪૫

### સૂર્યા, વાવોલ

જન્નત - ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મોટા ઘરે મારું સાસરીયું : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- આત્મન ફાઉન્ડેશ ગાંધીનગર દ્વારા સવારે ૯.૦૦ કલાકે શૈક્ષણિક કાર્યક્રમ.

### ધાર્મિક

- શ્રી ઉમિયા માતાજી સંસ્થા કડવા પાટીદાર સમાજ દ્વારા સેકટર-૧૨માં આવેલ ઉમિયામાતાજીના પાટોત્સવ નિમિતે રાત્રે સંગીતમય સુંદરકાંડ પાઠ કાન્તિભાઈ યોગીના વ્યાસપીઠે યોજાશે.

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ** : સંતાન તરફથી સુખદ સમાચાર મળી શકે છે. શુભ સંદેશ તેમને નવી દિશા આપી શકે છે. કૌટુંબિક સમસ્યાઓને અવગણવી નહીં.

**વૃષભ** : જ્ઞાન વૃદ્ધિમાં વધારો થઈ શકે છે. વિદ્યાર્થીઓને સ્પર્ધાઓમાં સફળતા મળી શકે છે. ઘણા દિવસથી અટવાયેલા નાણાં પરત મળી શકે છે.

**મિથુન** : સાથી પ્રત્યે નિકટતા અને ભાવકતા રાખવી સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થઈ શકે છે. વ્યવસાયનાં ક્ષેત્રમાં લાભ થઈ શકે છે.

**કર્ક** : અટવાયેલા નાણાં પરત મળવાની શક્યતા છે. ભૂમિ, મકાન, વગેરેની ખરીદી થઈ શકે છે. શિક્ષાર્થીઓએ નવીન ભાવકતા ત્યાગવીસ નહીં તો હાનિ થઈ શકે છે.

**સિંહ** : જમીન સંબંધી કાર્ય બનવાનાં યોગ છે. નવી યોજનાઓનો પ્રારંભ થઈ શકે છે. પોતાના પ્રયત્નોથી જ લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત કરશો.

**કન્યા** : ભૂલ કરવાથી વિરોધી હાવી થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો. વ્યવસાયિક લાભ મળી શકે છે. કોઈ થી ભેટ મળે તેવી શક્યતાઓ છે.

**તુલા** : સફળ યાત્રા -પ્રવાસનો યોગ. વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. દેવાની ચિંતા ઓછી થતી જણાશે. પરસ્પર સંબંધોને મહત્વ આપો.

**વૃશ્ચિક** : નોકરીયાત વર્ગને પ્રગતિકારક દિવસ રહે. વેપારક્ષેત્રે થયેલો પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. કૌટુંબિજનો સાથે યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**ધન** : પ્રયત્ન અને દૂરદર્શિતાથી સહયોગ અને સમર્થન મળી શકે છે. નવા સંબંધ લાભકારક સિદ્ધ થઈ શકે છે. સામાજિક કાર્યોથી સુયશ અને પ્રભાવમાં વૃદ્ધિ થઈ શકશે.

**મકર** : પ્રયત્નોથી લાભ થશે. અભીષ્ટ ફળ પ્રાપ્તિ અને કાર્યોમાં વિસ્તાર થવોનો યોગ બનશે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દૂર થવાના યોગ બનશે.

**કુંભ** : લાંબી યાત્રા લાભકારક રહી શકશે. તમારી કલ્પનાઓ પ્રમાણે જ પરિણાન પ્રાપ્ત થશે. વ્યાપાર- વ્યવસાય સારો ચાલશે. કુટુંબના કોઈ સભ્યથી આર્થિક વિવાદ થઈ શકે છે.

**મીન** : સંતાન ઉજ્જવળ ભવિષ્ય તરફ અગ્રેસર થશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓ ઉકેલ થઈ શકે છએ. આવકના નવા સ્ત્રોત મળશે. આળસ છોડીને કાર્ય સમય પર કરો. વ્યાપારમાં ખરા સમય પર લીધેલ નિર્ણય લાભપ્રદ થશે.

## ચિરવિદાય

- સ્વ. આરમનબેન મંગાજી રાઠોડ (ઉ.વ. ૭૦) મુ.પો. ફિરોજપુર તા., જિ. ગાંધીનગર
- સ્વ. ડાહીબેન ખોડાભાઈ બજાણીયા (ઉ.વ. ૬૦) મુ.પો. રૂપાલ તા., જિ. ગાંધીનગર
- સ્વ. મંગુભાઈ ધમજી વણઝારા (ઉ.વ. ૬૫) સેકટર-૨૨ ઢોરના ડબ્બાની બાજુમાં છાપરા, ગાંધીનગર